ગાંધીનગર સમાચાર
તા. ૧-૭-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

ચૂંટણી માટે સજ્જ બનતા રાજકીય પક્ષો

ચૂંટણી સંગ્રામએ રાજકીય પક્ષો અને એ પક્ષોના નેતાઓ માટે અસ્તિત્વની લડાઈ બની રહેતો હોય છે. જો જીતા વોહી સિકંદર. યુદ્ધ અને પ્રેમમાં કશો જ છોછ નથી રખાતો. 'એવરીથિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર' ગઈકાલનો દુશ્મન દોસ્ત બની જાય છે અને જીવ્યામર્યાનાં વચને બંધાયેલા મિત્રો એકમેકના લોહીના તરસ્યા બની જતા હોય છે. નૈતિક મૂલ્યો તો પોથીમાંનાં રીંગણાં જ બની રહે છે. ચૂંટણી જીતવા માટે સંગઠનથી શરૂ કરી મતપેટીની ઘાલમેલ અને મતપત્રોની અફરાતફરી સુધીના ખેલખેલતા રહે છે. રાજકીય પક્ષો એમના સંગઠનને વધુ સક્ષમ બનાવવા માટે પ્રતિભાથી માંડી જ્ઞાતિ અને સંપ્રદાય પર પકડ ધરાવતા કાર્યકરોની શોધ ચલાવે છે. અમુક લોકો સીધા જ ઉપરથી ટપકે છે. રાહુલ ગાંધી પોતે નિખાલસ ભાવે કબૂલે છે કે તેઓ પેરાશૂટ દ્વારા ખાબકેલા નેતા છે. એમને પારિવારિક પરંપરાનો સીધો લાભ મળ્યો છે. પરંતુ લોકશાહીમાં આ પ્રકારની નેતાગીરી ઈચ્છનીય ન લેખાય. તેઓ છેક ગ્રાસરૂટ સ્તરે કોંગ્રેસને મજબૂત કરવા માગે છે. સત્તા સુધી પહોંચવા માટે શક્તિશાળી સંગઠન એ અનિવાર્ય શરત છે. એમણે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે જવાબદારી સ્વીકાર્યા પછી સંગઠનના મહાસચિવો અને વરિષ્ઠ નેતાઓની બેઠક બોલાવી જેમાં સોનિય ગાંધી સિવાયના તમામ કોંગ્રેસી હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ એક પ્રકારનો રાજકીય સંકેત છે. હવે પછી કોગ્રેંસના સર્વેસર્વા રાહુલ ગાંધી હશે. સોનિયા ગાંધી ફક્ત સલાહકારની ભૂમિકામાં જ રહેશે. રાહુલ તેંતાલીસ વર્ષે પણ હજી કુંવારા છે. એક મુલાકાતમાં એમણે મોટા ખાનદાનના વંશજ હોવાની મર્યાદા દર્શાવતાં મીઠી ટકોર કરી હતીઃ હું પરણી જઉં તો મારો વંશવેલો આગળ ચાલે. પાછો એનો એ જ પ્રશ્ન ઊભો રહે. હું રાજકારણમાં પરિવારવાદનો સમર્થક નથી, પણ કોંગ્રેસ પાર્ટી પોતે એક મોટો પરિવાર છે, એવી પરિવારભાવના સાથે લડીશું તો ચોક્કસ જીતી શકીશું. નહેરુ- ગાંધી પરિવાર એ કોંગ્રેસનું ઊર્જા કેન્દ્ર રહેતું આવ્યું છે. રાહુલ ગાંધી છેલ્લા કેટલાંક વર્ષથી સંગઠન ક્ષેત્રે અત્યંત સક્રિય બન્યા છે. એમણે યુવાનો, મહિલાઓ, દલિતો અને આદિવાસીઓ ઉપરાંત લઘુમતી વર્ગો પર નજર ઠેરવી છે. ભારતીય જનતા પાર્ટી પાસેથી એમના ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા હિંદીભાષી પ્રદેશો ઉપરાંત કર્ણાટક જેવું સમૃદ્ધ રાજ્ય છીનવી લેવામાં એમને સફળતા પણ સાંપડી છે. પરંતુ હવે આવી પડનારી દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશની ચૂંટણી એમના માટે ૨૦૧૪ની સેમીફાઈનલ સાબિત થઈ શકે છે. દિલ્હીમાં શીલા દીક્ષિતે સતત ત્રણ ચૂંટણીઓ જીતીને હેટ્રિક લગાવી છે. આ વખતે એમને મોંઘવારી, ભ્રષ્ટાચાર અને કેજરીવાલ- અણ્ણા હજારે તથા રામદેવ જેવા સ્પીડબ્રેકરો પાર કરી સત્તા ટકાવી રાખવાનો જંગ લડવો પડશે. રાજસ્થાનમાં વસુંધરા રાજેનો રથ આગળ વધતો અટકાવવા પંચ્યાશી વર્ષના વયોવૃદ્ધ શીશરામ ઓલાને તથા શહેરી વિસ્તારોને તથા રાજી કરવા ગિરિજા વ્યાસ જેવાં નીવડેલાં નેતાને કેબિનેટ મંત્રી બનાવવાં પડ્યાં છે. ભાજપ પાસેથી મધ્યપ્રદેશનું શાસન છીનવી લેવા માટે રાહુલ ગાંધીએ એમના 'મેન્ટર' ગણાતા દિગ્વિજયસિંહ અને ગ્વાલિયરના 'મહારાજા' જ્યોતિરાદિત્ય સિંધિયા પર મદાર બાંધ્યો છે. રાહુલને વડાપ્રધાન તો બનવું છે પણ નરેન્દ્ર મોદીની સામે કેવો વ્યૂહ ગોઠવવો એ મુદ્દે હજી એમની પાસે કોઈ સ્પષ્ટ બ્લ્યૂપ્રિન્ટ નથી આવી શકી. એનડીએ તૂટીફૂટી ગયું હોવા છતાં કોંગ્રેસની સમસ્યાઓ ઓછી નથી. કોંગ્રેસને સત્તા સ્થાને પરત આવવા માટે પરસ્પર વિરોધી ગણાતા પ્રાદેશિક નેતાઓ સાથે સાંઠગાંઠ ગોઠવવી પડે એમ છે. નરેન્દ્ર મોદીના શુભેચ્છક કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાને ભાજપમાં પરત લાવવાની વ્યૂહરચના ગોઠવાઈ રહી છે. તો સામે ત્રીજો મોરચો રચવાનાં ચક્રો પણ ગતિમાન થઈ રહ્યાં છે. આ વખતનો ૨૦૧૪નો ચૂંટણી સંગ્રામ ત્રિપાંખિયો રહેશે. ત્રણે ગઠબંધનો સત્તા હાંસલ કરવા માટેની શતરંજ બિછાવી રહ્યાં છે ત્યારે સત્તાની હાથણી કોના પર કળશ ઢોળશે એની આગાહી કરવી અઘરી જ ગણાય.

તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે યુવાનોને રોજગારપત્રો આપવાના યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરની ખુશ્બુ અલ્કેશ નાયકને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોજગારી પત્ર આપ્યા હતા. ફાર્મસી સાથે એમ.બી.એ.નો અભ્યાસ કરનાર ખુશ્બુ ખાનગી વીમા કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે પસંદગી પામી છે જે નાયક ભોજક સમાજનું ગૌરવ છે.

ક્રાઈમ રેટનું ધ્યાન રાખવું પડે.. ગાંધીનગરમાં ક્રાઈમરેટ વધે ને તો, આપણે આ ઝાડ નીચે સુવાનું અને ડબલુ લઈને જવાનું બધુ બંધ થઈ જાય...!!

જણસારી-મોચી સમાજના બાળકોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૩૦

સમસ્ત જણસારી સમાજ સેવા સંસ્થાન દ્વારા જણસારી મોચી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સન્માન સમારંભ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓના પરીણામની નકલ ૧૫મી જુલાઈ સુધી મંગાવવામાં આવી છે.

જણસારી સમાજના જિજ્ઞેશ મેમોરિયલ ફાઉન્ડેશન, નડિયાદ દ્વારા ધોરણ ૧ થી ૫માં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ, ૬૦ ટકા સાથે સ્નાતક થયેલા, ૮૦ ટકા ઉપર અનુસ્નાતક અને પી.એચ.ડી.થનારને રોકડ પુરસ્કાર તેમજ અભિનંદન પ્રમાણપત્ર આપવામાં આવશે. જે માટેની સંપૂર્ણ અરજી પરિણામની નકલ સાથે ૧૫મી જુલાઈ સુધી કન્વીનર એમ.કે. ચૌહાણ, પ્રમુખ ૧૭૯/૨, સેક્ટર-૧૪, મહાત્મા ગાંધી મંદિર પાસે, ગાંધીનગરને મોકલી આપવું. આઠ ગામ રૂપાલા પરિવારના રૂપાલ, આમજા, જોટાણા, ઘુમા, ઈસંડ, વડાઈ સ્વામી, નારદીપુર, આસોડિયાના ધો-૧ થી૩માં અભ્યાસ કરતા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને પણ સન્માનીત કરાશે આ વિદ્યાર્થીએ પણ પોતાની અરજી પરીણામ સાથેની નકલ કન્વીનરને જમા કરાવવાની રહેશે.

સ્વામી યોગાનંદ વિદ્યાલયે સાકરથી નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરની જીઈબી કોલોની પાસે આવેલી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલમાં ધોરણ-૧ થી ૧૦માં પ્રવેશેલા વિદ્યાર્થીઓનો શાળામાં પ્રવેશ ઉત્સવ તાજેતરમાં ઉજવાઈ ગયો.

જીવનના પ્રથમ સોપાન એવા શિક્ષણ તીર્થમાં પ્રવેશતા ધોરણ-૧ થી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનું શાળાના શિક્ષકોએ કુમકુમ તિલક કરી સાકર ખવડાવી સ્વાગત કર્યું હતું. શિક્ષકોએ બાળકોને આ પ્રસંગે શિક્ષણનું મહત્વ અને ઉજ્જવળ ભાવિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગરના જાણીતા તબીબ રાજેન્દ્રભાઈ ગઢવીએ આ પ્રસંગે હાજરી આપી તન-મનની તંદુરસ્તી સાથે જીવન જીવવાની પ્રેરણા આપી હતી. આચાર્ય ગોવિંદભાઈ નસીતે આ પ્રસંગે ખાસ નવા પ્રવેશેલા બાળકોને પ્રોત્સાહિત કરી જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

કર્ણાવતી આર્ટ ગેલેરીમાં કલ્પના દવેના ચિત્રોનું પ્રદર્શન

ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિએશના મેમ્બર કલ્પના દવેના ચિત્રોનું પ્રદર્શન ૨૯મીએ ગુજરાત આર્ટિસ્ટ એસોસિએશનના પ્રમુખ અરવિંદભાઈ વાકાણીના હસ્તે ખુલ્લુ મુકાયું છે. જે ૪થી જુલાઈ સુધી દર્શકો માટે ચાલશે. સેવ નેચર, સેવ હેરીટેજ વિષય પર તૈયાર કરેલા કલ્પના દવેના ચિત્રોનું પ્રદર્શન કર્ણાવતી આર્ટ ગેલેરી, એલિસબ્રીજમાં આયોજીત કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન ૪થી જુલાઈ સુધી સાંજે ૫ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. જેનો કલા રસિકો લાભ લઈ શકશે.

ફેફસાંની ક્ષમતા વધારવા માટે 'પ્રાયાણામ' કરો

(ગતાંકનું ચાલુ)

કસરત કરતાં શરીરમાંથી થતી રાસાયણિક પ્રતિક્રિયાઓમાં ઓક્સિજનની જરૂરિયાતનું મહત્ત્વ અને પ્રાણાયામની વિવિધ વ્યાખ્યાઓની સમજૂતિ મેળવ્યા બાદ હવે આપણે પ્રાણાયામની જે વિવિધ ક્રિયાઓ છે, તેનાં નામ જાણીએ, જે નીચે મુજબ છે.

પ્રાણાયામની ક્રિયાઓનાં પ્રકાર :

(૧) કપાલભાતિ પ્રાણાયામ (૨) ઉજ્જયી પ્રાણાયામ (૩) ભસ્ત્રિકા પ્રાણાયામ (૪) અનુલેભ - વિલેપ પ્રાણાયામ (૫) ભ્રામરી પ્રાણાયામ (૬) સૂર્યભેદન પ્રાણાયામ (૭) ચંદ્રભેદન પ્રાણાયામ (૮) શીતલી પ્રાણાયામ (૯) સિત્કારી પ્રાણાયામ

પ્રાણાયામની ઉપરોક્ત ક્રિયાઓમાંથી ક્રમ ૧ થી ૪ સુધીની ક્રિયાઓ ફેફસાંની ક્ષમતા વધારવા માટે મહત્ત્વની છે.જ્યારે પછી સુધીની ક્રિયાઓ સહાયરૂપ પ્રકારની છે.

ઉપરોક્ત પ્રાણાયામની ૯ ક્રિયાઓ કરવાની પદ્ધતિઓની વિગતો લેખાંકના શીર્ષકને ધ્યાનનાં લેતા જરૂરી નહીં જણાતા, અહીં આપવામાં આવી નથી. જો કે ઘણું ખરૂં તો વાચક વર્ગ આ અંગેની વિગતો કે ફાયદાઓ મહંદઅંશે જાણતો જ હોય છે. તેથી ફક્ત ફેફસાંની ક્ષમતા વધારવાની બાબતને ધ્યાનમાં લેતા અને ફક્ત કેટલાક લાક્ષણિક ફાયદાઓની વિગતો અહીં પ્રસ્તુત કરી છે નીચે મુજબ છે.

(૧) કપાલભાતિ પ્રાણાયામ

● ફેફસામાં ઓક્સિજન અને કાર્બન ડાયોકસાઈડની આપ-લેની ગતિ વધે છે, જેનાથી ચયાપચયની ક્રિયા (metabolic action) કાર્યપ્રવૃત્ત થાય છે કે ઉત્તેજીત થાય છે અને તેની માત્રામાં વધારો થાય છે.

● શરીરને વધારે પ્રમાણમાં ઓક્સિજન પુરો પાડે છે તથા લોહીનું શુદ્ધિકરણ થાય છે. ● ફેફસાં અને હૃદયની કાર્યક્ષમતામાં વધારો થાય છે.

● ઈડા અને પિંગળા નાડીઓનું શુદ્ધિકરણની ષટ્ ક્રિયાઓ (ધૌતિ, બસ્તિ, નેતિ, ત્રાટક, નૌલિ અને કપાલભાતિ) માંની એક ક્રિયા છે.

ફિઝીકલ ફિટનેસ

- કાંતિભાઈ રા. પટેલ

(૨) ઉજ્જયી પ્રાણાયામ

● ફેફસાંને પૂરતાં પ્રમાણમાં ઓક્સિજન પૂરો પાડે છે અને લોહીનું શુદ્ધિકારણ થાય છે.

● ફેફસાંની ક્ષમતા વધારે છે.

● જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે.

(૩) ભસ્ત્રિકા પ્રાણાયામ

● પ્રાણાયામની આ ક્રિયામાં ધમણની જેમ જોરથી શ્વાસ લેવામાં આવે છે અને જોરથી બહાર કાઢવામાં આવે છે, જેથી ફેફસાંની શ્વાસોશ્વાસ કરવાની ક્ષમતા ઘણી વધી જાય છે.

● ભસ્ત્રિકા સુષુમ્ણા નાડીનાં દ્વારમાં જામેલો કફ દૂર કરે છે.

(૪) અનુલેભ - વિલેપ પ્રાણાયામ

● શરીરને પૂરતાં પ્રમાણમાં ઓક્સિજન મળે છે.

● શ્વસનતંત્ર અને રૂધિરાભિસરણ તંત્રની ક્ષમતા વધે છે.

● નલિકારહિત ગ્રંથિઓ (શીર્ષસ્થ ગ્રંથિ, થાઈરોઈડ કે કંઠસ્થ ગ્રંથિ, થાયમસ કે વક્ષસ્થ ગ્રંથિ, સ્વાદુપિંડ વગેરે) વધારે ક્રિયાશીલ બને છે,

(૫) ભ્રામરી પ્રાણાયામ

● ફેફસાંની શ્વસન ક્ષમતામાં વધારો કરવા મદદરૂપ થાય છે.

● માનસિક તનાવ ઓછો થાય છે.

● ગળાની બિમારીઓ દૂર કરે છે તથા અવાજ સારો થાય છે.

(૬) સૂર્યભેદન પ્રાણાયામ

● શરીરમાં ઉર્જા અને સ્ફૂર્તિ પેદા કરે છે.

● લોહીના નીચા દબાણની સારવારમાં ઉપયોગી છે.

(૭) ચંદ્રભેદન પ્રાણાયામ

● શરીરમાં ઠંડક અને સ્ફૂર્તિ પેદા કરે છે.

● લોહીના ઊંચા દબાણની સારવારમાં ઉપયોગી છે.

(૮)-(૯) શીતલી અને સીત્કારી પ્રાણાયામ

● ફેફસાંની ક્ષમતા વધારવા સહાયરૂપ છે.

● લોહીના દબાણને કાબૂમાં લાવવા મદદરૂપ છે.

હવે પછીના લેખાંકમાં 'શરીરના સાંધાઓની હલનચલન ક્ષમતા વધારવા કસરતો કરો.' આ વિશે માહિતી આપવામાં આવશે.

(ક્રમશઃ)

સ્થાનિક પ્રશાસનની બેદરકારી, લોકલ સેવા ભાવી સંસ્થાઓનાં અભાવ, અધિકારીઓની નિષ્ઠુરતા, વિધિની વક્રતાને લીધે ધીરૂભાઈ જેવા ઈમાનદાર, સરળ સ્વભાવવાળા જય અંબે પરિવારના ખજાનચી ગુમાવ્યાની ચીસો હરિદ્વાર મેઈલની સિટીના અવાજ સાથે સંભળાઈ રહી હતી

વાહન માર્ગ બંધ હતો, હેલીકોપ્ટરવાળા ડેડ બોડીને રૂદ્રપ્રયાગ લઈ જતા ન હતા. ડૉકટર ટસના મસ થતા ન હતા. થાકીને અમે પોલીસ સ્ટેશન ગયા. ત્યાંના એસ.ડી.ઓ. હાજર ન હતા. તેમના સિવાય કોઈ પંચનામું કરવાની જવાબદારી લેવા તૈયાર ન હતું.

આખી રાતના ઉજાગરા અને ભૂખને કારણે અમે થાકી ગયા હતા. ગુમકાશીમાં એક જગ્યાએ ટાવર પકડાતાં પંચાસરાભાઈનો કોન્ટેક્ટ થયો અને તેઓને ૧૮મી તારીખે સાંજે ગુમકાશીથી ૫ કિ.મી. દૂર ચારધામના આર્મી કેમ્પમાં ઉતાર્યા છે તેમ જાણવા મળ્યું. અમે ગાડીવાળાને વિનંતી કરીને, તે જ ગાડીમાં લાશ લઈને ચારધામના કેમ્પમાં ગયા. પ્રાઈવેટ હેલીપેડને એકવાયર કરીને મિલેટરી વાળા ત્યાંથી હેલીકોપ્ટર ઉપાડતાં હતા. ત્યાં પ્રાઈવેટ કંપનીવાળાને લાશને બહાર રોડ ઉપર મુકીને કેમ્પમાં આવવાનું કહ્યું. અમે આગળના દિવસે આવેલ પંચાસાભાઈ, લિનેશભાઈ, ચંદ્રેશભાઈ, લાઠીગરાભાઈ, કે.એસ. પટેલ ને લાશનો હવાલો સોંપી આરમીના કેમ્પમાં થોડા આરામ માટે રોકાયા.

પંચાસરાભાઈ વાળી અમારી બીજી ટીમ પણ ફરિવાર લાશ લઈને સરકારી દવાખાને ગઈ. ત્યાં અમદાવાદના અશોકભાઈ ગજ્જરની લાશ લઈને મેવાડાભાઈ આવેલા હતા. તેમની સાથે અન્ય કોઈ ન હતું. સાંજ ૫ડી જતાં બંને લાશો સરકારી હોસ્પિટલમાં કોમન રૂમમાં મુકીને બધાં ચારધામ કેમ્પમાં આવી ગયા.

રાત્રે અમે મિટીંગ ભરી. ધીરૂભાઈના પત્ની અવનીકાબેન કેદારનાથ મંદિર નજીકના હેલીપેડ પરથી નીકળી અન્ય બહેનો સાથે ગૌરીકુંડ પાસેનાં હેલીકોપ્ટર ઉતર્યા હતા. તેમ જાણવા મળ્યું. તેમણે જાણ કરી પતિનું મોં દેખાડવાની અમારી ફરજ હતી. ઉત્તરાંચલના પ્રશાસને કોઈ મોટી અફવા ન ફેલાય તે માટે અગાઉથી મોબાઈલ ટાવરો બંધ કરી દીધા હતા. અમે બધા ૨૦ કિમીની રેન્જમાં જુદા જુદા હેલીપેડ પર ઉતર્યા હતા. પરંતુ કોઈનો સંપર્ક થઈ શકતો ન હતો. કોઈ જગ્યાએ ટાવર પકડાય તો ગાંધીનગરથી ફોન આવે તો સમાચાર મળતા હતા. અમે ફોન કરી શકતા ન હતા.

રામપુર હોટલમાં છ બહેનો અમે ૨ પુરૂષો રોકાયા છે તેમાં અવનીકાબેન છે તેમ જાણવા મળ્યું. બીજા દિવસે સવારે હું અને દશરથભાઈ, અવનીકાબેને ને લેવા રામપુર જઈશું તેમ નક્કી કર્યું. પંચાસરા ભાઈ, લિનેશભાઈ, કે. એસ. પટેલ, વિરેન્દ્રભાઈ, ઈશ્વરભાઈ લાશને લઈ પોલીસ કાર્યવાહી અને દવાખાનાની વિધિ પતાવશે, જયારે ઉજ્જવલ, પી.એમ. પટેલ, ચંદ્રેશભાઈ, બાકીની બહેનોને લઈને ચારધામ કેમ્પ પરથી હેલીકોપ્ટરમાં દહેરાદૂન થઈ હરિદ્વાર જશે તેમ નક્કી કરી સૂઈ ગયા.

૨૦ તારીખે સવારે ૬.૦૦ કલાકે અમે ચારધામ કેમ્પથી ગુમકાશી આવ્યા. રામપુર-સીતાપુર બાજુથી વાહનો આવતા હતા. એટલે નક્કી થયું કે અમારો ટ્રાવેલ એજન્ટ અને બાકીના સભ્યો રામપુરથી નીકળી ગયા હશે. અમે રિવર્સ ચાલી રામપુર બાજુથી આવતા વાહનોમાં અમારા સભ્યોને શોધવા લાગ્યા. એક જગ્યાએ મારા મોબાઈલમાં ટાવર પકડાતાં ગાંધીનગર સંપર્ક થઈ શક્યો. પટેલ પાર્લર વાળા અનિલભાઈને ગાંધીનગર ફોન કરી લાશની અંતિમ વિધિ માટે ધીરૂભાઈની બંને પુત્રીઓ અને કુટુંબીજનોની ઈચ્છા જાણી નિર્ણય

લઈ અમને જણાવવા કહ્યું. છેલ્લે સમાચાર મળ્યા કે અવનીકાબેન અને બીજા બહેનો બળદેવભાઈ અને પ્રવીણભાઈ સાથે રામપુરથી ગુપ્તકાશી તરફ જવા આગળના દિવસે રવાના થઈ ગયા હતા. તેઓ અમે જે જગ્યાએ બેસીને ફોન કરતા હતા. ત્યાંથી ૨૦૦-૩૦૦ મીટરમાં જ હોટલમાં ગુમકાશીમાં રોકાયા હતા. પરંતુ અમે તેમનો સંપર્ક કરી શકતા ન હતા. થોડીવારમાં અમારા ટ્રાવેલ્સ વાળા મુકેશભાઈ કાસીન્દ્રા વાલા એક બસમાં અમારો સામાન લઈને આવતા દેખાયા. બસ ઊભી રખાવી. સામાન ઉતારી બેગ અને થેલામાંથી રેલ્વેની ટિકીટો કાઢી લીધી. જાણવા મળ્યું કે મુકેશભાઈ જે બસમાં આવ્યા હતા તે બસ રાજસ્થાનની હતી. તેમાં ૮૦ યાત્રીઓ કેદારનાથનાં હતા. તેમાંથી માત્ર ૨ યાત્રીઓ પરત આવ્યા હતા. બાકીનાનો પત્તો ન હતો. મુકેશભાઈને બીજું વાહન કરી સામાન હરિદ્વાર પહોંચાડવાનું કહી હું અને દશરથભાઈ હોસ્પિટલે આવ્યાં, અન્ય મિત્રો પણ ત્યાં હાજર હતા. ઉત્તરાખંડના ડૉકટરો, પોલીસ ઓફિસરોમાં મિટીંગમાં જ રચ્યા પચ્યા રહેતા હતા.અંતે ૨૦ તારીખે બપોરે ૩ કલાકે કામચલાઉ પ્રમાણપત્ર સાથે બંને લાશનો હવાલો અમને મળ્યો.

હોસ્પિટલથી ૩૦૦ જેટલા પગથિયાં ઉતરીએ એટલે ગુમકાશીનું બસ સ્ટેન્ડ આવે. અમે નીચે આવી ડેડ બોડીની અંતિમ ક્રિયા માટે વાહન મળ્યું. અંતે મેવાડાભાઈને જે ગાડીમાં આવ્યા હતા તે ગાડી દેખાઈ. તેને લઈને અમે દવાખાને ગયા. બંને લાસોને લઈને ગુમકાશીમાં સ્મશાનાન તરફ ગયા. ગાંધીનગરમાં અનિલભાઈને ફોન કરતાં જાણવા મળ્યું કે અવનીકાબેનને સવારે વહેલા નીકળી ગુમકાશીથી ૧૦૦ કિ.મી. દૂર નીકળી ગયા છે. ટ્રાફિકમાં કોઈ પણ સંજોગોમાં તેમને પરત લાવી શકાય તેમ નથી.

ચારધામ યાત્રાની વણકહી વાતો

- વિષ્ણુભાઇ પટેલ (જય અંબે પરિવાર)

આથી તેમની ગેરહાજરીમાં ગુમકાશીમાં જ અગ્નિ સંસ્કાર કરવાનું તેમનાં કુટુંભીજનોએ કહ્યું છે તેમ જાણવા મળ્યું. મંત્રોચ્ચાર કરી અમે તા. ૨૦ મીની સાંજે ૫.૪૫ કલાકે ગંગા કિનારે ધીરૂભાઈ તથા અશોકભાઈના અગ્નિ સંસ્કાર કર્યા.

સાંજે લોથપોથ થઈને અમે ચારધામ યાત્રા કેમ્પમાં આવ્યા. બીજા દિવસ એટલે કે ૨૧મી તારીખે હરિદ્વારથી બપોરે ૩.૨૫ ની હરિદ્વાર મેઈલની ટિકિટ હતી. આથી ગુમકાશીથી નીકળી ૧૬ કલાકમાં ૨૦૦ કિ.મી. દૂર હરિદ્વાર પહોંચવું જરૂરી હતું. ઉજ્જવળને ફોન કર્યો તો રેલ્વે ટિકીટના PNR નંબર મોકલવાનું જણાવ્યું. અમે PNR નંબર મોકલ્યો. તે લઈને ઉજ્જવળ હરિદ્વારના રેલ્વે સ્ટેશને ડુપ્લીકેટ ટિકીટ માટે ગયો. સ્ટેશન માસ્તરે આઈ.ડી.પ્રુફ વગર ડુપ્લીકેટ ટિકીટ આપવાની ના પાડી. તે ત્યાંથી પોલીસ સ્ટેશને ગયો. હકીકતની રજૂઆત સાંભળી PI એ હૈયા ધારણા આપી નાસ્તો કરાવ્યો. PI તેની સાથે રેલ્વે સ્ટેશને આવ્યા અને ડુપ્લીકેટ ટિકીટ અપાવી.

અન્ય તુક્કાઓ લડાવ્યા વગર અમે ૨૦ મીની રાત્રે ચારધામના કેમ્પમાં સૂઈ ગયા. મિલેટરીના કેમ્પમાં રહેવા, જમવા, ચા-પાણી, દવાની સારી સગવડ હતી. આર્મીના માણસો માન આપી પ્રેમથી સેવા કરતા હતા. છ દિવસ નાહ્યા ન હતા કે કપડાં બદલ્યાં ન હતા. આથી નાહીને અમે સૂઈ ગયા.

તા. ૨૧મીની સવારે ૮.૦૦ કલાકે હેલીકોપ્ટરની લાઈનમાં બેસી ગયા. પંચાસરાભાઈએ ગાંધીનગર મિનિસ્ટ્રી અને અન્ય હેલ્પલાઈન પર ફોન કરી મદદ મેળવવાનો પ્રયત્ન કર્યો. હેલીકોપ્ટર આવતાં બેંગ્લોરના ૧૫ યાત્રીઓ લાગવગથી અમારી આગળ ઊભા રહી પ્રથમ હેલીકોપ્ટરમાં બેસી ગયા. અમો સાતમાંથી ત્રણ જણા તેમાં ગયા અને બાકીનાં અમે ચાર રહી ગયા. અમે પોલીસ સ્ટાફ અને અન્ય સ્ટાફને

રજૂઆત કરી. ૧૦.૩૦ કલાકે હેલીકોપ્ટર આવ્યું. ૧૧.૧૫ કલાકે અમે દહેરાદૂન પહોંચ્યા. દહેરાદૂન એરપોર્ટ પર પ્રેસ રિપોર્ટરો અને સેવા સ્ટાફ પાણીની બોટલ-ફૂટપેકેટ લઈને અમને ઘેરી વળ્યો. જયાં જરૂર હતી ત્યાં કઈ ખાવાનું ન મળ્યું અને અહીં ફૂટપેકેટોનો ઢગલો થઈ ગયો. એરપોર્ટમાંથી બસમાં બેસી અને એરપોર્ટના ગેઈટ પાસે આવ્યાં. ત્યાં લોકો તેમના ખોવાયેલા સ્વજનોનાં ફોટા લઈને પ્રાઈવેટ બસમાં અમે હરિદ્વારમાં હોટેલમાં આવ્યા ત્યારે ૨૧મી તારીખે બપોરે ૧.૦૦ વાગ્યો હતો. ૩.૨૫ ની ટ્રેઈન પકડવાની હતી.

ટ્રાવેલ્સવાળા મુકેશભાઈ પણ રસોડા સ્ટાફ, સામાન સાથે ૧૧.૦૦ કલાકે હરિદ્વાર પહોંચી ગયા હતા. અવનીકાબેનને મળતાં તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી વલોપાત કરતા હતા. તેમને શાંત પાડ્યા. રસોયાએ બનાવેલ રસોઈનો કોળીયો મોં માં મૂક્યો ન મૂક્યો કરી અમે રિક્ષામાં હરિદ્વાર રેલ્વે સ્ટેશને આવ્યા. જે સ્ટેશન પર ૨૭ જણા ઉતર્યાં હતા ત્યાંથી ૨૬ જણા ભગ્ન હૃદયે ટ્રેઈનમાં બેસી રહ્યા હતા. સ્થાનિક પ્રશાસનની બેદરકારી, લોકલ સેવા ભાવી સંસ્થાઓનાં અભાવ, અધિકારીઓની નિષ્ઠુરતા, વિધિની વક્રતાને લીધે ધીરૂભાઈ જેવા ઈમાનદાર, સરળ સ્વભાવવાળા જય અંબે પરિવારના ખજાનચી ગુમાવ્યાની ચીસો હરિદ્વાર મેઈલની સિટીના અવાજ સાથે સંભળાઈ રહી હતી.